



હરિઃૐ
આપણે પૃથ્વીનાં બધાં જ
લોકો પ્રત્યે ભાવ રાખવો.
અદેખાઈ,ઈર્ષ્યા,અણગમો મોળા
પડતાં જાય ત્યારે જાણવું કે
આપણી ભાવના વિકસિત થઈ રહી છે.
પૂજ્ય શ્રીમોટા
www.hariommota.org
ગ્રહ-ગ્રહણ. આ-૧,પૃ-૫૦



હરિઃૐ
કોટિ જન્મ ભલે જાય
કિંતુ જ્યાં પ્રેમ હો ઠર્યો,
કરાવ્યાં વિણ કલ્યાણ,
તેઓનું તે ન જંપતો.
- મોટા
www.hariommota.org
જીવનપગલે. પૃ-૮૦, આ- ૩.


હરિ:ૐ
જો આશરો પ્રભુ તણો સહુ વાતમાં લે,
એને પ્રભુ કદીયે છોડી ન દે કહીંયે.
www.hariommota.org
જીવન મંથન. પૃ. - ૧૪૮, આ - ૨.
- મોટા.



હરિ:ૐ
કરેલા કર્મની છાયા,
દુઃખને જાણવું ઘટે,
બીજાને દોષ દેવાનો
છોડી દેવો ઘટે ખરે.
www.hariommota.org
જીવનપગલે પૃ - ૬૨, આ- ૨.
- મોટા


હરિ:ॐ
પોતાનો ભાર જે સોંપે,
તેનો ભાર ઉપાડું હું
www.hariommota.org
- Mota.



હરિ:ॐ
બાળકનું, માંદાનું, બહુ અહંકારીનું, મુર્ખનું, વિદ્વાનનું,
સદગુરુનું, જીદ્દી સ્ત્રી કે પુરુષ -
એ બધાની 'હા' એ 'હા' જ કરવી.
વ્યવહારમાં તે ઘણું ખપનું ને ઉપયોગનું છે.
www.hariommota.org
સમય સાથે સમાધાન આ - ૩, પૃ -૪૩
- મોટા



હરિ:ૐ
જેણે છે પકડ્યો હાથ,
તે જ પાર ઉતારશે.
www.hariommota.org
- મોટા



હરિ:ૐ
કુદરતના પ્રેરણાત્મક સ્વભાવથી બાળકને
મા ઉપર પૂર્ણ શ્રધ્ધા જન્મેલી હોય છે.
www.hariommota.org
જીવનસંશોધન આ - ૪, પૃ - ૯૪.
- મોટા.



હરિ:ૐ
મોટાનું શરીર તે "મોટા" નથી.
શરીર તો માત્ર એને દિલમાં
પ્રગટાવવા માટેનું સાધન છે.
કદી પણ ગભરાવું નહિ.
તું એકલી નથી.
તું મને તારી સાથે ને સાથે રાખજે.
કોઈ વાતે મનથી દુ:ખી ન થઈશ.
www.hariommota.org સમય સાથે સમાધાન આ.-૩ પૃ-૫૩. - મોટા.


હરિ:ૐ
આપણાં જીવનવિકાસના પંથે આપણે પોતે જ
આપણા એકલા સાથી-સાચા સાથી- છીએ.
www.hariommota.org
જીવનસંશોધન. પૃ-૧૩, આ-૪.
- મોટા


હરિઃૐ
અવગુણ આપણામાં પણ હોય ને
સામાનામાં પણ હોય. એટલે
અવગુણને જતા કરવાની દ્રષ્ટિ
આપણે કેળવવાની છે.
બીજું કોઇ તે કરે કે ન કરે,
પરંતુ આપણે તેમ કરવું.
એનું જ નામ સાચું તપ.
આ મારા દિલનો ખરેખરો સંદેશો છે.
www.hariommota.org
સમય સાથે સમાધાન. આ-૩ , પૃ-૫૯.
- મોટા


હરિઃૐ
જીવને જ્યાં ઘણો મોહ,
ઘણી લગની,
ઘણો રાગ લાગ્યો હોય
ત્યાં એ ફરીથી જન્મ લે.
www.hariommota.org
ગ્રહ – ગ્રહણ. આ. – ૧, પૃ - ૧૧.
– મોટા.


હરિ:ૐ
જન્મ દિવસે અનેક જન્મનાં
સંસ્કારોનો સ્ફોટ થાય છે
પણ સામાન્ય જીવને
આની સમજ પડતી નથી
આધ્યિત્મક સાધનામાં
આગળ વધેલા જીવને એનું
જ્ઞાન થાય છે.
www.hariommota.org
ગ્રહ - ગ્રહણ. પૃ- ૧૧, આ - ૧.
- મોટા


ફાજલપુર, બરોડા.
આર્શીવાદ અને અભયવચન.
તા.૨૨-૦૭-૧૯૭૬
(૧) "જેમણે જેમણે મને મદદ કરી છે,
મારું કામ કર્યું છે. તેમનો તેમનો આભાર માનું છું.
ભગવાન તેમનું યશ-કલ્યાણ કરો."
(૨) " ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી.
એ તો એમને કે આપણને ખપ પડે,
માણસ જેવા થઈ આપણા આગળ થઈને
જે તે આપણું ઉકેલી આપે છે.
ખરે વખતે ખરા વખતના ભકતનું ન અટકી રાખે છે.
નિજના ભકતનું કામ કદી પણ ન અટકાવે છે."
હરિ:ૐ
(તા:૨૨-૦૭-૧૯૭૬ ના રોજ સ્વૈચ્છિક દેહત્યાગનાં થોડા કલાકો પહેલા લખેલા પત્રો માંથી).
www.hariommota.org
ભગત માં ભગવાન. આ-૫, પૃ-૫૩૦/૫૩૧
- મોટા




હરિ:ૐ

કર્મો તો પુષ્પો છે :-
સંસારની ઘટમાળના કર્મ ને
શ્રીભગવાનના ચરણકમળે
સમર્પણની પુષ્પાંજલિ તરીકે ભેટ
મૂકવાના જ્ઞાનભાનથી અને
એવાં સમર્પણના ભાવથી જે
કર્મો પ્રભુપ્રીત્યર્થે પ્રગટે છે
તેવાં કર્મો ભલેને સંાસારની
ઘટમાળમાં હોય- તો પણ ભગવાન
પરત્વેની અભિમુખતા પ્રગટાવવાને
માટે બહુ મોટું સાધન બની જાય છે.

સંતહૃદય. આ-૨. પૃ-૪૪. -મોટા .



www.hariommota.org





હરિ:ૐ


અનેક જન્મોથી એના એ જ દિવસે
આપણે જન્મ્યા હોઈએ.
તે જ વખતે અનેક જન્મનું
આપણે સાથે લઈને આવેલા હોઈએ.
અનેક જન્મનાં કર્મો સંબધો
અનેક પ્રકારના ગુણો (સત્વ, રજસ, તમસ)
ને કરેલા કર્મોના સંસ્કારો પણ
સાથે લઈને આવીએ છીએ.


ગ્રહ-ગ્રહણ. આ-૧, પૃ-૯. - મોટા

www.hariommota.org


હરિ:ૐ
ગમે તેવી સ્થિતિ આવે તે
વખતે હિંમત રાખીને મનન
ચિંતન કરીને ઉકેલ કાઢવો
અને તે પ્રમાણે વર્તવું
તો જ જીવનમાં આગળ વધાય,
તે સિવાય આગળ ન વધાય.
ગ્રહ – ગ્રહણ. આ. – ૧, પૃ - ૧૬.
– મોટા.
www.hariommota.org


હરિ:ૐ
પ્રભુ તુજ દરબારમાં અમારીયે ગણતરી છે,
અમારી બાદશાહત કે પ્રભુ તુજ મીટ અમ પર છે.
-મોટા.
www.hariommota.org


હરિઃૐ
માણસનું જીવન વલણ-
પ્રકૃતિને આધારે વહે છે.
એ વલણનું મૂળ ચિત્તમાં
સગ્રહાયેલા સંસ્કારો છે.
એ સંસ્કારોનો સરવાળો છે
તેને પ્રારબ્ધ કહયું છે.
એ સંસ્કારો એટલા બધાં બળવાન છે
કે જીવમાત્ર પોતાની પ્રકૃતિ
પ્રમાણે જ વહયે જાય છે.
ગ્રહ-ગ્રહણ. આ-૧,પૃ-૩૩.
- મોટા
www.hariommota.org


ૐ
હરિઃૐ
માણસનું જીવન વલણ- પ્રકૃતિને આધારે વહે છે.
એ વલણનું મૂળ ચિત્તમાં સગ્રહાયેલા સંસ્કારો છે.
એ સંસ્કારોનો સરવાળો છે તેને પ્રારબ્ધ કહયું છે.
એ સંસ્કારો એટલા બધાં બળવાન છે કે
જીવમાત્ર પોતાની પ્રકૃતિ પ્રમાણે જ વહયે જાય છે.
ગ્રહ-ગ્રહણ. આ-૧,પૃ-૩૩.
- મોટા
www.hariommota.org